eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 189**
**July 24, 2009**

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા.૧૫–૦૭–૨૦૦૯ ના રોજ એન્જીનીયરીંગ વિભાગ તેમજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૨૯ ઉધના યાર્ડ વોર્ડના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે વૃંદાવનનગરનો મેઈનરોડ, નીલગીરી સર્કલ થી જય સંતોષી, પ્રતાપનગર ટર્નીંગ સુધીનો રોડ, જલારામનગર, બાલાજીનગર તેમજ રણછોડનગર વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક દરમ્યાન " સફાઈ અભિયાન" રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૧/૦૭/૨૦૦૯ના રોજ સૂર્ય અને સૌરમંડળ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

સૂર્યપુત્રી તાપી તટે સૂર્યપુર તરીકે જાણીતા સુરત શહેરમાં એકવીસમી સદીની અલૌકિક રોમાંચક ઘટના જેવી ખગ્રાસ સૂર્યગ્રહણ તા.૨૨/૦૭/૨૦૦૯ને બુધવારના રોજ સવારે થનાર હોય તેની પૂર્વ સંધ્યાએ તા.૨૧/૦૭/૨૦૦૯ના રોજ સાંજે ૭.૦૦ કલાકે સૂર્ય અને સૌરમંડળ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭.૦૮.૨૦૦૯ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વેશભુષા સ્પર્ધાનું આયોજન ચં.ચી.મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જે મુજબ તાઃ૧૮/૦૭/૨૦૦૯ ના રોજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર, બાળાશ્રમ પાસે, કતારગામ, સુરત ખાતે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦–૦૭–૨૦૦૯નાં રોજ કરવામાં આવેલ ઝુંપડાઓનું દબાણ દુર કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી

(૧) સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા.૧૫–૦૭–૨૦૦૯ ના રોજ એન્જીનીયરીંગ વિભાગ તેમજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૨૯ ઉધના યાર્ડ વોર્ડના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે વૃંદાવનનગરનો મેઈનરોડ, નીલગીરી સર્કલ થી જય સંતોષી, પ્રતાપનગર ટર્નીંગ સુધીનો રોડ, જલારામનગર, બાલાજીનગર તેમજ રણછોડનગર વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક દરમ્યાન " સફાઈ અભિયાન" રાખવામાં આવેલ. જેમાં તળિયા ઝાટક સ્ક્રેપીંગ, બ્રશીંગ તથા ધૂળ–માટી સાથે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે. સદર સફાઈ કામગીરીમાં સુપરવાઈઝરી સ્ટાફ (આરોગ્ય ૧૮ તથા એન્જી. ૦૩) , સફાઈ કામદારો/બેલદારો–૭૮ રોકાયેલા હતા. આ સફાઈ અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતા કુલ–૨૦ ઈસમો પાસેથી રૂા. ૨૨૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૩૧ નોટીસો આપવામાં આવેલ તેમજ ૮૦૦ ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીનો નાશ કરવામાં આવેલ તથા ૦૭ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ ૫૮૦ કિલોગ્રામ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે. એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા દબાણ હટાવવાની તેમજ વરસાદી ગટરના જાળિયા ઈન્લેટ ચેમ્બર્સ વિગેરે તેમજ ખાળા પૂરવાની વોટર ટેબલ સાફ –સફાઈ કરવાની તેમજ લારી ગલ્લા ઉપાડવાની સંયુકત કામગીરી કરવામાં આવેલ છે.

(૨) સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં તા.૨૨–૦૭–૨૦૦૯ના રોજ એન્જીનીયરીંગ વિભાગ તેમજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૩૦ નવાગામ –ડીંડોલી–૧ના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે ચામુંડા ડેરી થી બિલીયાનગર–૧,૨, જકાતનાકા સામે અંબિકાનગર થી રામદેવનગર, ગૃહલક્ષ્મીનગર, ગણપતિધામ, ધર્મરાજ પ્રો. સ્ટોર્સ થી નિલકંઠનગર, મહાદેવ મંદિર થી શિવહરીનગર–૧,૨, ગોરધનગર, જલારામનગર તેમજ એચ.ટી. લાઈન થી દિપકનગર, ગાયત્રીનગર–૧,૨, વિ. વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક દરમ્યાન " સફાઈ અભિયાન" રાખવામાં આવેલ છે. જેમાં તળિયા ઝાટક સ્ક્રેપીંગ, બ્રશીંગ તથા ધૂળ–માટી સાથે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે. સદર સફાઈ કામગીરીમાં સુપરવાઈઝરી સ્ટાફ (આરોગ્ય ૧૪ તથા એન્જી. ૦૪),સફાઈ કામદારો/બેલદારો–૫૧ રોકાયેલા હતા. આ સફાઈ અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતા કુલ–૨૫ ઈસમો પાસેથી રૂા.૪૩૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૨૩ નોટીસો આપવામાં આવેલ તેમજ ૫૦૦ ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીનો નાશ કરવામાં આવેલ તથા ૦૮ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ ૬૦૭ કિલોગ્રામ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે. એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા દબાણ લારીની સંખ્યા–૧૨, તેમજ વરસાદી જાળિયા ઈન્ટેલ ચેમ્બર્સ–૨૪નર્સ સફાઈ કરવામાં આવી છે. તેમજ ખાળા પૂરવાની વોટર ટેબલ સાફ –સફાઈ કરવાની તેમજ લારી ગલ્લા ઉપાડવાની સંયુકત કામગીરી કરવામાં આવેલ છે.

સદર વિસ્તારના મ્યુનિ. સદસ્યશ્રી દયાશંકરભાઈ સીંગ તથા સદસ્યશ્રી નાનાજીભાઈ પાટીલ કામગીરી દરમ્યાન ઉપસ્થિતિ રહેલ હતા.

TOP

## તા.૨૧/૦૭/૨૦૦૯ના રોજ સૂર્ય અને સૌરમંડળ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

સૂર્યપુત્રી તાપી તટે સૂર્યપુર તરીકે જાણીતા સુરત શહેરમાં એકવીસમી સદીની અલૌકિક રોમાંચક ઘટના જેવી ખગ્રાસ સૂર્યગ્રહણ તા.૨૨/૦૭/૨૦૦૯ને બુધવારના રોજ સવારે થનાર હોય તેની પૂર્વ સંધ્યાએ તા.૨૧/૦૭/૨૦૦૯ના રોજ સાંજે ૭.૦૦ કલાકે સૂર્ય અને સૌરમંડળ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગ્ટયથી કરવામાં આવ્યું હતું. જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડૉ.કે.આર.ઝાંઝરૂકીયાએ સર્વે ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારી, સ્કુલની બાળાઓ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમારંભમાં ઉપસ્થિત સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશએ, સાયન્સ પ્રત્યે રૂચિ ધરાવતા દરેકને આ અલૌકિક રોમાંચક ઘટના નિહાળવા અનુરોધ કર્યો હતો. મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ આ કુદરતી ઘટનાને એક યાદગાર પ્રસંગ ગણાવી સુરતની જનતાનું અહોભાગ્ય હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ શહેરની વિવિધ ૯ શાળા/સંસ્થાની બાળાઓએ સૂર્ય અને સૌરમંડળને આધારીત સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી. જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ગ્રામ્ય તેમજ શહેરી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના બાળકોની ચિત્ર, વકતૃત્વ, નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. તથા આ સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી આપવામાં આવી હતી. સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરનાર શાળા/સંસ્થાઓને પણ ટ્રોફી મંચસ્થ મહાનુંભાવોના હસ્તે આપવામાં આવી હતી. સમારંભમાં ઈસરો, અમદાવાદ તથા સાયન્સ સીટી, ગાંધીનગરથી આવેલ વૈજ્ઞાનીકોશ્રી ડૉ.સી.એન.નાગરાણી, ડૉ જે.જે.રાવલ, ડૉ. રાજમલ જૈન, ડૉ. નરેન્દ્ર ભંડારી, ડૉ. જે. આર. ત્રિવેદી, પ્રો.આર.એમ.પંડયા વિગેરે ઉપસ્થિત રહયા હતા. વૈજ્ઞાનિકશ્રી ડૉ.સી.એન.નાગરાણીએ સૂર્યગ્રહણ અંગે પ્રેઝન્ટેશન રજુ કરી તેની ભૌગોલીક પરીભાષા સમજાવી સમાજમાં રહેલ માન્યતાઓ દુર કરવા તથા સૂર્યગ્રહણ જોવા માટે લેવાની કાળજી વિગેરે બાબતે સમજ આપી હતી. અંતમાં જીલ્લા શિક્ષણ નિરીક્ષક શ્રી જે.યુ.પરમારએ સર્વે ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. સદર કાર્યક્રમનું આયોજન કલેકટરશ્રી, જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીનાં સંકલનમાં રહી સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું.

૨૨ જુલાઈ ૨૦૦૯ના રોજ એકવીસમી સદીની અલૌકિક રોમાંચક ઘટના જેવી ખગ્રાસ સૂર્યગ્રહણ ઘટનાને નિહાળવા સુરત ડુમસ રોડ, ઉપર આવેલ એરપોર્ટ ખાતે જાહેર જનતા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. વહેલી સવારથી શહેરના નાગરીકો એરપોર્ટ ખાતે આ પ્રસંગ નિહાળવા ઉમટી રહયા હતા. વાદળ છાયા તથા વરસાદી આબોહવાને કારણે સૂર્યગ્રહણ સ્પષ્ટ રીતે જોઈ શકાયું ન હતું પરતું સવારના કુદરતી ઉજાસ બાદ સૂર્યગ્રહણ શરૂ થતા આકાશમાં ક્રમશઃ ધીરેધીરે અંધકાર છવાય ગયું હતુ. અને એકદમ મધ્ય રાત્રી જેવો માહોલ સર્જાયો હતો. જે અંદાજે ત્રણ મીનીટ સુધી રહયો હતો. એરપોર્ટ ખાતે ઉપસ્થિત તમામ શહેરીજનોએ આ અલૌકિક ઘટના નિહાળી ચીચીયારીઓથી સ્વાગત કર્યું હતું. દેશના અન્ય ભાગોમાં સૂર્યગ્રહણ દર્શાવતા વિવિધ દ્રશ્યો, ઉપસ્થિત શહેરીજનો નીહાળી શકે તે માટે ત્રણ મોટા એલઈડી સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ખાસ પ્રકારના ચશ્માનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમારંભમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિ સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ, મ્યુ.કમિશ્નર કુ. એસ. અપર્ણા, કલેકટરશ્રી દિલીપભાઈ રાવલ,ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગના સેક્રેટરીશ્રી રાજકુમાર, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરની ખાનગી તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ઉપરાંત માજી સાંસદશ્રી અરૂણ શૌરી, નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ બાપડીયા, નં.પ્રા.શિ.સ.ના અધ્યક્ષશ્રી રૂપિનભાઈ પચ્ચીગર, ફ્રાંસ, જાપાન તેમજ અન્ય દેશમાંથી પધારેલ વૈજ્ઞાનિકો, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ તથા શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭.૦૮.૨૦૦૯ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વેશભુષા સ્પર્ધાનું આયોજન ચં.ચી.મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ન.પ્રા.શાળા ક્રમાંક–૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં, ચોકબજાર, સુરત ખાતેથી તા.૦૧.૦૮.૨૦૦૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખ ૦૧/૦૮/૨૦૦૯ રાખવામાં આવી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જે મુજબ તાઃ૧૮/૦૭/૨૦૦૯ ના રોજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર, બાળાશ્રમ પાસે, કતારગામ, સુરત ખાતે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર શ્રીકિશોરભાઈ કાનાણી, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,રૂગ્ણાલય, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષા શ્રીમતીરંજનબેન સરતાનપુરા,ગટર સમિતિ અધ્યક્ષ શ્રીપરસોત્તમભાઈ માંગુકીયા,કતારગામ વિસ્તારના મ્યુ.સદસ્યશ્રી યશોધરભાઈ દેસાઈ,શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ડો.જગદીશભાઈ પટેલ, શ્રી,સોમાભાઈ પટેલ, શ્રીમતિ,ગીતાબેન પટેલ, શ્રીમતિ, રેણુકાબેન શાહ, શ્રી,કાનજીભાઈ રબારી, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, ઝોનલ ચીફ અને ડે.કમિશનર(૫ અને ઈ )શ્રી સી.જે.ગામીત, કુટુંબ કલ્યાણ વિભાગના મેડીકલ ઓફીસર ડો.અરૂણાબેન પટેલ, નાયબ આરોગ્ય અધિકારી ડૉ.કલ્પેશ ખત્રી,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કતારગામશહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે," સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમા વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે." યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ નાગરિકો કરશે તો રોગ–ચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યુ હતુ.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચનમાં આરોગ્ય નિદાન કેમ્પના આયોજન કરવા બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કરી આ વિસ્તારના રહીશોને પાણી દ્વારા થતા રોગો તથા સ્વચ્છતા પ્રત્યે જાગૃત રહેવા તથા ઘરઆંગણે આરોગ્યલક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે યોજેલ કેમ્પનો લાભ લેવા તથા નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળાનું પ્રમાણ વધુ રહે છે.મધ્યમ તથા ગરીબ વર્ગના લોકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે.સુરત શહેરને રોગ મુકત બનાવવા મહાનગરપાલિકા તરફથી આવા કેમ્પો યોજવામાં આવે છે તે સરાહનીય છે સાથે નાગરિકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા તથા રોગચાળો ન થાય તે માટે કાળજી રાખવા અનુરોધ કર્યો હતો. આરોગ્ય વિભાગના કર્મચારીની કામગીરીને બીરદાવી હતી.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કતારગામ તથા આજુ બાજુ વિસ્તારના ૩૪૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૬૦, ચામડીના નિષ્ણાત દ્વારા ૮૯, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૩, બાળરોગ નિષ્ણાત દ્વારા ૫૦, ફિઝીશયન દ્વારા ૯૫ અને સર્જન દ્વારા ૦૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૧૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા ૧૦૦ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૦૫ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૭૫૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૬૫૦, ઓરલ પીલ્સ ૨૦ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧૫૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૩ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા જુદા વિસ્તારમાં રાખવામાં આવેલ કેમ્પોમાં ૪૦૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડૉ હેંમત દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આગામી મેડીકલ કેમ્પ તા.૨૫/૦૭/૦૯ ના રોજ ડી.કે.એમ. શહેરી આરોગ્ય કેન્દ્ર, વાડીફળીયા, કોટસફીલ રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦–૦૭–૨૦૦૯નાં રોજ કરવામાં આવેલ ઝુંપડાઓનું દબાણ દુર કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી), ફાઈનલ પ્લોટ નં. ૧૧૦ પૈકી સુરત મહાનગરપાલિકાના એસ.ઈ.બી.સી. ફોર હાઉસીંગનાં હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં આશરે ૧૧ જેટલાં નેહરુનગર પાસેનાં કાચા/પાકા ઝુંપડાઓનું દબાણ દુર કરી આશરે ૧૧૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), ફાઈનલ પ્લોટ નં. ૧૯૬, સુરત મહાનગરપાલિકાના ડીસ્ટ્રીકટ સેન્ટરના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં આશરે ૧૭ જેટલાં કાચા/પાકા જનતાનગર પાસેનાં ઝુંપડાઓનું દબાણ દુર કરી આશરે ૨૦૦૦ ચો.ફુટ જગ્યા તથા ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), ફાઈનલ પ્લોટ નં. ૧૯૪, સુરત મહાનગરપાલિકાના સબ સેન્ટરના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં આશરે ૧૨ જેટલાં કાચા/પાકા લક્ષ્મીકાંત હાથીવાળા મંદિર પાસેનાં ઝુંપડાઓનું દબાણ દુર કરી આશરે ૧૨૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત ત્રણે સ્થળો મળીને કુલ–૪૦ ઝુંપડાઓ ખસેડવામાં આવેલ છે. સદર કામગીરી માટે સીકયુરીટી ગાર્ડ સહિતનો બંદોબસ્ત મેળવેલ હતો.

TOP